RNI. No.GUJGUJ/2014/56392

# ક્રાઈમ કિંગ
Crime King
Weekly

Editor : NIKITA R. SAXENA
(Mo) 98796 16556

*AT.:45, KONARK SOCIETY, NEAR SUNDARAM COMPLEX, JAWAHAR CHOWK, SABARMATI AHMEDABAD-380019.

*Year : 7 * Issue No. 41 *Date:29.01.2021 *Friday *Page :04 *Rs. 01.00 *Annual Rs. 50/-

### વડાપ્રધાને એનસીસી કાર્યક્રમમાં હાજર રહ્યા,ગાર્ડ ઓફ ઓનર અપાયું

# વાયરસ હોય કે સરહદ પર પડકાર, ભારત દરેક સ્થિતિ સામે લડવા તૈયાર: મોદી



### નાગરિકોના કર્તવ્યનું પાલન કરવું તે તમામની ફરજ,એનસીસીને આપવામાં આવી રહી છે મોટી જવાબદારી,ગર્લ્સ કેડેટ્સમાં ૩૫%નો વધારો,૧૯૭૧ના યુદ્ધમાં સૈનિકોએ નિર્ણાયક વિજય મેળવ્યો હતો

ન્યુ દિલ્હી,તા.૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં ગુરુવારે રાષ્ટ્રીય કેડેટ કોરના કાર્યક્રમમાં ભાગ લીધો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આ દરમિયાન ગાર્ડ ઓફ ઓનર પણ આપવામાં આવ્યું. મોદીએ સંબોધન કરતાં કહ્યું કે ભારત વાયરસ અથવા સરહદના પડકાર સામે કાર્યવાહી કરવામાં સક્ષમ છે. ગયા વર્ષે ભારતે બતાવ્યું હતું કે ભારત દરેક મોરચે સક્ષમ છે. આજે આપણે વેક્સિન બાબતે પણ આત્મનિર્ભર છીએ. આ સાથે જ સેનાને મજબુત બનાવવાના પણ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

વડાપ્રધાન મોદીએ ગુરુવારે એનસીસીના કાર્યક્રમમાં સબોધન કર્યું હતું. મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું હતું કે એનસીસીની ભૂમિકાનો વિસ્તાર કરવામાં આવશે. દરિયાઈ સરહદોની સુરક્ષા સાથે જોડાયેલા નેટવર્કને મજબૂત બનાવવા માટે એનસીસીની ભાગીદારી વધારવામાં આવી રહી છે. આ માટે એક લાખ કેડેટ્સને તાલીમ આપવામાં આવી રહી છે. સરકાર તરફથી પણ એનસીસીના કેડેટ્સની તાકાત વધારવામાં આવી રહી છે.

મોદીએ સંબોધન કરતાં જણાવ્યુ હતું કે અહીં આવીને હંમેશા સુખ ભર્યો અનુભવ થાય છે. સમગ્ર દેશ તમારા પર ગર્વ કરી રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના સંબોધનમાં કહ્યું હતું કે દેશમાં જ્યાં પણ કોઈ મહત્વપૂર્ણ કાર્ય થાય છે, ત્યાં એનસીસી કેડેટ ત્યાં હંમેશા પહોંચે છે, અને સંકટ સમયે મદદ કરવા માટે પણ આવે છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે બંધારણમાં નાગરિકોની ફરજની વાત કરવામાં આવી છે,તેનું પાલન કરવું દરેક નાગરિકની ફરજ છે. દેશમાં એક સમયે નકસલવાદ એક મોટી સમસ્યા હતી, પરંતુ લોકોની જાગૃતિને કારણે નક્સલવાદની કમર તૂટી ગઈ હતી. વડાપ્રધાન મોદીએ સંબોધન કરતાં કહ્યું કે ગયા વર્ષે બતાવ્યું છે કે તે વાઈરસ હોય કે સરહદી બાબતના પડકાર, ભારત તેની સામે લડવા સંપૂર્ણ રીતે તૈયાર છે. આજે દેશમાં બે સ્વદેશી વેક્સિન બનાવવામાં આવી છે, સેનાનું આધુનિકીકરણ પણ કરવામાં આવી રહ્યું છે. દેશને વધુ બે રાફેલ મળી ગયા છે, જે હવામાં જ રિફ્યુઅલ કરી શકે છે. હવે સેનાની જરૂરિયાતોને ભારતમાં જ પૂરી કરવામાં આવી રહી છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે જ્યારે હું દિવાળી પર લોંગેવાલા ચોકી પર ગયો ત્યારે હું ઘણા અધિકારીઓને મળ્યો હતો. ૧૯૭૧ના યુદ્ધમાં તે ચોકી પર સૈનિકોએ નિર્ણાયક વિજય મેળવ્યો હતો, ત્યારબાદ પાકિસ્તાન સાથેના યુદ્ધ દરમિયાન પૂર્વ-પશ્ચિમની પોસ્ટ પર ભારતે પાકિસ્તાનને ધૂળ ચટાડતું કરી દીધું હતુ. તે યુદ્ધમાં મળેલી જીતને હવે ૫૦ વર્ષ પૂર્ણ થયા જઈ રહયા છે.

તેમણે કહ્યું કે તમારી બધાની ઈચ્છા હશે કે સંરક્ષણ દળનો ભાગ બનીએ. સરકાર તમારા માટે તકો વધારી રહી છે. તમારા માટે ઘણા અવસરો રાહ જોઈ રહ્યા છે. હું મારી સામે જોઈ રહ્યો છું અને આંકડા એ પણ દર્શાવે છે કે ગર્લ્સ કેડેટ્સમાં ૩૫%નો વધારો થયો છે. ભારતની બહાદુર પુત્રીઓ દુશ્મનને હરાવવા માટે મોરચા પર અડગ છે. હું તમારામાં ભાવિ અધિકારીઓને જોઈ રહ્યો છું. કાર્યક્રમ દરમિયાન જુદા-જુદા રાજયોની પરેડનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે કેડેટ્સના સભ્યોનું સન્માન પણ કર્યું હતું. આ કાર્યક્રમમાં રક્ષા મંત્રી રાજનાથસિંહ, ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ બિપિન રાવત, ત્રણેય સેનાઓના પ્રમુખ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## સ્થાનિક સ્વરાજ ચૂંટણી: લોકો સુધી પહોંચવા કોંગ્રેસ સોશિયલ મીડિયાના સહારે




અમદાવાદ,તા.૨૮

ગુજરાતમાં આગામી સમયમાં આવી રહેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે સોશિયલ મીડિયાને મજબૂત કરવા માટે કોંગ્રેસ પાર્ટીએ કવાયત હાથ ધરી છે. પ્રદેશ કાર્યાલય ખાતે પ્રમુખ અમિત ચાવડા, કાર્યકારી પ્રમુખ હાર્દિક પટેલ, કોંગ્રેસ સોશિયલ મીડિયા ચેરમેન રોહન ગુપ્તા સહિત આગેવાની એક મહત્ત્વની બેઠક મળી હતી. આ પ્રસંગે કોંગ્રેસ સોશિયલ મીડિયા ચેરમેન રોહન ગુપ્તાએ જણાવ્યુ હતુ કે, કોંગ્રેસ પક્ષે સોશિયલ મીડિયા થકી ગ્રાઉન્ડ લેવલ સુધી પહોંચી ચૂંટણી ગજવવા અંગે રણનીતિ બનાવી છે. યુવા વર્ગને આકર્ષિત કરવા માટે કોંગ્રેસ આ વખતે સોશિયલ મીડિયાનો ભરપૂર ઉપયોગ કરશે. સોશિયલ મીડિયા બેઠક દરમિયાન કોંગ્રેસ નેતા રોહન ગુપ્તાએ કહ્યુ હતુ કે, ૨૦૧૫ અને ૨૦૧૭માં પણ સોશિયલ મીડિયાનો લાભ મળ્યો હતો. ૨૦૧૭ની ચૂંટણી વખતે 'કોંગ્રેસ આવે છે' કેમ્પેઈથી ભાજપ સોશિયલ મીડિયાથી ડરી ગયું હતું.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપ હોય, તેની બી ટીમ, સી ટીમ હોય કે પછી કોઈ અન્ય ટીમ, પ્રજા કોંગ્રેસને મોટા વિકલ્પ તરીકે જોઈ રહી છે. કોંગ્રેસ સોશિયલ મીડિયાના માધ્યમથી ગુજરાતમાં એક સાથે અનેક લોકો સુધી પહોંચે તેવું આયોજન કરવામાં આવ્યું છે. 'હેલ્લો' અભિયાનનો સારો પ્રતિસાદ મળ્યો છે. આવનારા દિવસોમાં એની માહિતી પણ મીડિયા સમક્ષ લાવીશું. મહત્ત્વપૂર્ણ છે કે કોંગ્રેસ પક્ષ દ્વારા વિધાનસભા ચૂંટણીમાં 'કોંગ્રેસ આવે છે' કેમ્પેઈન શરૂ કરવામાં આવ્યું હતું. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર 'વિકાસ ગાંડો થયો છે' કેમ્પેઈન પણ શરૂ કરાયું હતું. એવી જ રીતે ૨૦૨૧ની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પણ કોંગ્રેસે યુવા વર્ગને આકર્ષિત કરવા માટે 'હેલ્લો' કેમ્પેઈન લોંચ કર્યું છે.

હેલો કેમ્પેઈનને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. તાજેતરમાં ચૂંટણી પંચ તરફથી રાજ્યની ૩૧ જિલ્લા પંચાયત, ૨૩૧ તાલુકા પંચાયત, ૮૦ નગરપાલિકા અને ૬ મહાનગરપાલિકાની ચૂંટણીઓની તારીખ જાહેર કરવામાં આવી છે. જે પ્રમાણે રાજયની છ મહાનગરપાલિકાઓની ચૂંટણી આગામી ૨૧ ફેબ્રુઆરી તેમજ નગરપાલિકા, તાલુકા, જિલ્લા પંચાયતોની ચૂંટણીનું મતદાન ૨૮ ફેબ્રુઆરીએ સવારે સાતથી સાંજે છ વાગ્યા સુધી મતદાન થશે. આ મતદાનની મતગણતરી મહાનગરપાલિકા માટે ૨૩ ફેબ્રુઆરી અને નગરપાલિકા, તાલુકા, જિલ્લા પંચાયતોની મતગણતરી ૨જી માર્ચ રાખવામાં આવી છે.

### ભ્રષ્ટાચાર સંદર્ભે ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલ દ્વારા રિપોર્ટ બહાર પડાયો

# ભ્રષ્ટાચારી દેશોમાં ભારત ૮૬મા ક્રમે: ન્યૂઝીલેન્ડ-ડેનમાર્ક સૌથી સ્વચ્છ દેશ

ન્યુ દિલ્હી,તા.૨૮

ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલ દ્વારા હાલમાં થયેલા ભ્રષ્ટાચાર સંદર્ભે પર્સેપ્શન ઈન્ડેક્સ બહાર પાડવામાં આવ્યો છે. સંસ્થાએ જણાવ્યું છે કે તેમણે ભ્રષ્ટાચારને સમાપ્ત કરવા ઉઠાવેલા પગલાઓના આધારે વિશ્વના ૧૮૦ દેશોની રેક્િંગ તૈયાર કરી છે. આ રેક્િંગમાં ભારત ૮૬મા ક્રમે છે. તેવી રીતે પાડોશી દેશ ચીન ૭૮માં, પાકિસ્તાન ૧૨૪માં અને બાંગ્લાદેશ ૧૪૬માં સ્થાને છે.

દર વર્ષે વિશ્વના દેશોનું કૌભાંડ પર ઈન્ડેક્સ તૈયાર કરનાર આંતરરાષ્ટ્રીય સંસ્થા ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલે ચાલું વર્ષે કોવિડ ૧૯ મહામારી સામે મુકાબલો કરતી વખતે થયેલા ભ્રષ્ટાચાર પર વિશેષ જોર આપ્યું છે. આ માપદંડમાં બાંગ્લાદેશ એકદમ છેલ્લે પછડાયું છે. સંસ્થાના અધ્યક્ષ ડેલિયા ફેરેરા રુબિઓએ જણાવ્યું કે, “કોવિડ-૧૯ માત્ર સ્વાસ્થ્ય અને આર્થિક સંકટ જ નથી. તે ભ્રષ્ટાચારનું સંકટ પણ છે જેનો આપણે હાલમાં સામનો કરવામાં નિષ્ફળ સાબિત થઈ રહ્યા છીએ. રુબિઓએ વધુમાં જણાવ્યું કે, ગત વર્ષે સરકારોની જે પરીક્ષા થઈ, તે પહેલા ક્યારેય થઈ નથી. ઉચ્ચ કક્ષાએ ફેલાયેલા ભ્રષ્ટાચારને કારણે પડકારોનો સામનો કરવામાં વામળા સાબિત થયા છીએ. પરંતુ જે લોકો ભ્રષ્ટાચાર પર્સેપ્શન ઈન્ડેક્સમાં ટોચ પર છે, તેઓએ પણ પોતાના દેશ અને વિદેશમાં ભ્રષ્ટાચારને હરાવવા માટે ઝડપી અને અનિવાર્ય ભૂમિકા ભજવવી પડશે.

જોકે, આ રેક્િંગમાં ૧૦૦ માંથી ૮૮-૮૮ પોઈન્ટ સાથે ન્યુઝીલેન્ડ અને ડેનમાર્ક ટોચ પર છે. તેજ સમયે, ભારતને ૧૦૦માંથી ૪૦, ચીન ૪૨, પાકિસ્તાન ૩૧ અને બાંગ્લાદેશને માત્ર ૨૬ પોઈન્ટ મળ્યા છે. અન્ય એક પાડોશી દેશ અફઘાનિસ્તાને ૧૦૦ માંથી ૧૯ પોઈન્ટ મેળવીને ૧૬૫ રેક્ર મેળવ્યો છે. જો કે, તે ૨૦૨૧થી અત્યાર સુધી ૧૧ સ્થાનો પર ચઢવામાં સફળતા મેળવી છે અને આ મામલામાં એશિયન દેશોમાં અગ્રેસર છે.

## તંત્રી સ્થાનેથી......

ગુજરાત સરકારના તમામ ગેઝેટમાં જાહેર કરવામાં આવતા પરિપત્ર સરકારની વેબસાઈટ પર અપલોડ કરવાની માગણી સાથે ગુજરાત હાઈકોર્ટમાં રિટ કરવામાં આવી છે. કોર્ટે સરકારને નોટિસ પાઠવી જવાબ રજૂ કરવા નિર્દેશ કર્યો છે. સરકારે આજે મૌખિક જવાબ આપ્યો હતો કે આ દસ્તાવેજો અપલોડ કરવાની કામગીરી હાલ ચાલી રહી છે. અરજદારની રજૂઆત છે કે સરકાર દ્વારા જારી કરવામાં આવતા ગેઝેટ એ જાહેર દસ્તાવેજ છે અને તે સરળતાથી લોકોને મળી રહે તે રીતે રાખવા જોઈએ. અત્યારે ૧૯ રાજ્યો અને ૩ કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા જારી થતા ગેઝેટ અને તેમાં જાહેર થતાં પરિપત્રો અને અન્ય વિગતો વેબસાઈટ પર નિયમિત રીતે મૂકવામાં આવે છે, પરંતુ ગુજરાત સરકાર દ્વારા આવી રીતે ગેઝેટના તમામ ભાગો લોકો માટે અપલોડ કરવામાં આવતા નથી. આ ઉપરાંત અગાઉ જાહેર થયેલા ગેઝેટને પણ વેબસાઈટ પર અપલોડ કરવા જોઈએ. જેથી તે ગેઝેટના આધારે કામગીરી કરવા માગતા સામાન્ય લોકોને વિવિધ સરકારી કચેરીઓના ધક્કા ન ખાવા પડે. સુનાવણી દરમિયાન હાઈકોર્ટે રાજ્ય સરકારને પૂછ્યું હતું કે ગુજરાત ટેકનોલોજીના ઉપયોગમાં અગ્રક્રમનું રાજ્ય છે ઓ સરકારી ગેઝેટ અપલોડ કરવાની પ્રક્રિયા અંગે શા માટે ધીમી કામગીરી ચાલી રહી છે. જેથી રાજ્ય સરકારે મૌખિક જવાબ આપતા કહ્યું હતું કે આ કામગીરી હાલ ચાલી રહી છે અને થોડાં સમયમાં પૂર્ણ થશે.

# રાજ્યમાં મનપાની ચૂંટણીમાં ભાજપની સેન્સ પ્રક્રિયા પૂર્ણ, ૭ હજાર જેટલા દાવેદારો નોંધાયા

અમદાવાદ,તા.૨૮

ગુજરાતમાં મીની વિધાનસભા સમાન સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજાનાર છે. આ ચૂંટણીઓમાં ગુજરાતના ૦૪ કરોડ કરતા વધુ લોકો સીધો ભાગ લેશે. એટલે કે ગુજરાતના કુલ વોટર્સના ૯૦ ટકા જેટલા મતદાતાઓ. ગુજરાતમાં ૨૦૨૨ ની વિધાનસભાની ચૂંટણી પહેલા આ ચૂંટણી ખૂબ જ મહત્વ ધરાવે છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં સૌપ્રથમ ગુજરાતના મહાનગરો અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર અને જામનગરની ચૂંટણીઓ ૨૧ મી ફેબ્રુઆરીએ યોજાનાર છે. જેનું પરિણામ ૨૩ ફેબ્રુઆરીએ જાહેર થશે. જેમાં મોટા પક્ષોએ ઉમેદવારી પસંદગીની કામગીરીમાં સેન્સ લેવાની પ્રક્રિયા પૂર્ણ કરી લીધી છે. આ ફોર્મની છણાવટ થશે. ત્યારબાદ પ્રાદેશિક ચૂંટણી સમિતિ ઉમેદવારોના નામ જાહેર કરશે. જે લગભગતમામમહાનગરપાલિકાઓ માટે ૦૩ ફેબ્રુઆરી સુધીમાં જાહેર થવાની સંભાવના છે. આ વખતની કોર્પોરેશનની ચૂંટણીમાં મુખ્ય રાજકીય પક્ષ તરીકે ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી, એઆઈએમઆઈએમ જેવા પક્ષો દેખાઈ રહ્યા છે. ભાજપ અને કોંગ્રેસમાં ઉમેદવારોની પસંદગીને લઈને સેન્સ લેવાની પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકી છે, તો આમ આદમી પાર્ટીએ તો વ્યાપક જનસંપર્ક ઉપરાંત ઉમેદવારોના લિસ્ટ પણ જાહેર કરી દીધા છે. ભારતીય જનતા પાર્ટી વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી છે, તેનું સંગઠન માળખું પણ ખૂબ જ મજબૂત છે. કોઈપણ ચૂંટણીમાં એક નિશ્ચિત પ્રક્રિયા અંતર્ગત આ પાર્ટી દ્વારા ઉમેદવારો જાહેર કરવામાં આવે છે. આ ચૂંટણીઓમાં ભાજપ દ્વારા ઉમેદવાર પસંદગી માટે પ્રથમ તો આ બધી જ મહાનગરપાલિકાઓમાં વોર્ડ દીઠ ૦૩ નિરીક્ષકોની નિમણૂક કરવામાં આવી હતી. ૨૪ થી ૨૬જાન્યુઆરી સુધીમાં સેન્સ પ્રક્રિયા પૂર્ણ કરી હતી. નિરીક્ષકોએ જે-તે વોર્ડમાં જઈને ટિકિટ વાંચ્છુ એવા ઉમેદવારોના બાયોડેટા કલેક્ટ કર્યા હતા. આ નિરીક્ષકોમાં સાંસદ, પૂર્વ સાંસદ, ધારાસભ્ય, સંગઠનના હોદ્દેદારો, શહેર અને જિલ્લા પ્રમુખોનો સમાવેશ કરાયો હતો. આ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપમાં નિરીક્ષકો પાસે ઉમેદવારી નોંધાવવા ૦૭ હજાર જેટલા બાયોડેટા આવ્યા છે. સામાન્ય રીતે આ ચૂંટણીમાં ઝંપલાવનાર સંભવિત ઉમેદવારોમાં મોટા પાયે ચાલુ કોર્પોરેટરો, પૂર્વ કોર્પોરેટરો, જે તે વોર્ડના અગ્રણી કાર્યકરો, સાંસદની પેનલના કાર્યકરો, ધારાસભ્યોની પેનલના કાર્યકરો, ભાજપના સંગઠનના હોદ્દેદારોના મનગમતા કાર્યકરો વગેરે સભ્યોએ ટિકિટની માંગ કરી હતી. જેને લઈને અમુક જગ્યાએ ગજગ્રાહ પણ જોવા મળ્યો હતો. અમદાવાદના નરોડા વોર્ડમાં ટિકિટને લઈને ચાલુ કોર્પોરેટર અને એક કાર્યકર વચ્ચે મારામારી પણ થઈ હતી. જો કે બાકી જગ્યાઓએ સેન્સની પ્રક્રિયા શાંતિપૂર્વક પૂર્ણ થઈ છે.

# કોંગ્રેસ ઉમેદવાર સૌથી વધારે ડિપોઝીટ જમા થવાનો ગુજરાતમાં રેકોર્ડ બનશે



ભુજ,તા.૨૮

સ્થાનિક સ્વરાજ ચૂંટણી લઈને ભાજપ દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. ગુજરાત પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ આજે ભુજ ખાતે સરપંચો સાથે સંવાદ અને પેજ કમિટી કાર્ડ વિતરણ કાર્યકમમાં ઉપસ્થિત રહ્યા હતા. ભુજ ખાતે પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલનો ખુલ્લી જીપમાં રોડ શો યોજી ઢોલ નગારા સાથે રાસમંડળી દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ રેલીમાં પાટીલે કોંગ્રેસ પર આકરાં પ્રહારો કર્યા હતા.

અને કહ્યું હતું કે, કોંગ્રેસમાં પૈસા આપે તેને જ ટિકિટ આપવામાં આવે છે. સ્થાનિક સ્વરાજ ચૂંટણી લઈને ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા તૈયારીનો ધમધમાટ શરૂ કરી દીધો છે. ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ સીઆર પાટીલ ભુજ ખાતે આયોજિત સરપંચ સંવાદ અને પેજ કમિટી કાર્ડ વિતરણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. કચ્છમાંથી આવેલાં સરપંચો સાથે સીઆર પાટીલે સીધો સંવાદ કર્યો હતો. પ્રદેશ પ્રમુખે કોંગ્રેસ આકરા પ્રહાર કરતાં કહ્યું હતું કે કોંગ્રેસના સમયમાં સરપંચ બિચારો હતો. આજે સરપંચ પાસે સૌથી વધારે સત્તા અને ગ્રાન્ટ મળતી થઈ છે. સાથે જ કેન્દ્ર સરકાર વિવિધ યોજના અંગે લોકો જાણકાર થાય તે માટે સરપંચો કેન્દ્ર અને રાજય સરકારની ૪૭૫ જેટલી યોજવા વિશે માહિતી આપી હતી.

ભાજપ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલના હસ્તે પેજ કમિટીના કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું. પેજ કમિટી કામગીરી કારણે સ્થાનિક સ્વરાજ ચૂંટણીમાં ભવ્ય વિજય થશે સાથે જ કોંગ્રેસ ઉમેદવાર સૌથી વધારે ડિપોઝીટ જમા થવાનો ગુજરાત રેકોર્ડ બનશે. સાથે જ સીઆર પાટીલે કહ્યું કે કોંગેસમાંથી કોઈપણ વ્યક્તિ લેવામાં નહીં આવે. ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલ કોંગ્રેસ આક્ષેપ કર્યો હતો કે, કોંગ્રેસમાં પેસા આપે તેને ટીકીટ આપવામાં આવે છે. ભારતીય જનતા પાર્ટીમાં સરકારી યોજના લોકો સુધી પહોંચાડે તેવા કાર્યકરોને ટિકીટ આપે છે. આજ ભાજપ અને કોંગ્રેસમાં ફરક છે. અમે અમારા કાર્યકરોની મહેનત અને પેજ કમિટીની કામગીરી આધારે સ્થાનિક સ્વરાજ ચૂંટણીમાં ભવ્ય જીત મેળવીશું.

### અજાણ્યા વાહને બાઈકને અડફેટે લેતા

# મોરબીના માળીયા ફાટક નજીક રાજસ્થાનના ચાર યુવાનોના અકસ્માતમાં મોત

મોરબી,તા.૨૮


મોરબી નજીક માળીયા ફાટક ચોકડી પાસે આજે સવારના ચારેક વાગ્યાના અરસામાં પાંચ સવારી બાઈકને અજાણ્યા વાહને અડફેટે લેતા ચાર યુવાનોના ઘટના સ્થળે મોત નિપજ્યા છે જ્યારે એક વ્યક્તિને ઈજા થતાં તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે મળતી માહિતી મુજબ રાજસ્થાનથી રોજગારી માટે મોરબીમાં ચારેય યુવાનો આવેલ હતા અને આજે વહેલી સવારે પીપળી રોડ ઉપરથી એક યુવાન બાઈક લઈને લેવા માટે આવ્યો હતો ત્યારે તેના બાઈકને અજાણ્યા વાહને હડફેટે લેતા ચાર યુવાનોના મોત નિપજ્યા છે જેથી કરીને પોલીસે આ બનાવની નોંધ કરીને અકસ્માત સર્જી નાસી છુટેલા વાહન પકડવા માટે અને ફરિયાદ લેવા માટે તેને તજવીજ હાથ ધરી છે. આ ગોઝારા બનાવની જાણવા મળતી વિગતો પ્રમાણે આજે વહેલી સવારના ચાર વાગ્યાના અરસામાં મોરબી માળિયા ફાટક ચોકડી પાસેથી એક જ બાઈકમાં પાંચ સવારીમાં યુવાનો પસાર થઈ રહેલા હતા ત્યારે આ યુવાનોના બાઈકને અજાણ્યા વાહને હડફેટે લીધૂ હતું જેથી કરીને પાંચ પૈકીના ચાર યુવાનોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા અને અન્ય એક યુવાનને ગંભીર ઈજા થઈ હોવાથી હાલમાં તેને મોરબીની ખાનગી આયુષ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવેલ છે વધુમાં જાણવા મળતી વિગતો પ્રમાણે મોરબી માળિયા ફાટક ચોકડી પાસે આજે સવારે જ્યારે એક જ બાઈક લઈને પાંચ યુવાનો જતા હતા ત્યારે તેના બાઈકને અજાણ્યા વાહન દ્વારા હડફેટ લેવામાં આવ્યું હતું તેથી કુલ મળીને ચાર વ્યક્તિઓના મોત નિપજ્યા છે. જેમાં બે સગા ભાઈ શિવાજી પ્રતાપભાઈ ગામેતી (ઉંમર ૧૯), સુરેશ પ્રતાપભાઈ ગામેતી (ઉંમર ૧૮), તેજારામ વક્તરામ ગામેતી (ઉંમર ૧૭), અને શિવાજી પ્રતાપભાઈ ગામેતીનો સાળો જેની (ઉંમર ૧૯) આમ કુલ મળીને ચાર વ્યક્તિઓના મોત નિપજ્યા હતા.

પોલીસ સૂત્રો પાસેથી મળી રહેલી માહિતી મુજબ, મૃતક ચારેય રાજસ્થાનના ઉદયપુર જિલ્લાના ઘોઘુંદા તાલુકાના મૌખી ગામના રહેવાસી છે અને ત્યથી રોજગારી મેળવવા માટે આજે સવારે જ રાજસ્થાનથી આવેલ એસટીની બસમાં મોરબી આવ્યા હતા અને તેને લેવા માટે મોરબીના પીપળી રોડ ઉપર આવેલ યમુના હોટલમાં કામ કરતો દિનેશ નામનો વ્યક્તિ આવ્યો હતો જેને ઈજા થઈ હોવાથી તેને પ્રથમ મોરબીમાં સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો અને ત્યથી હાલમાં તેને મોરબીની ખાનગી આયુષ હોસ્પિટલમાં સારવારમાં લઈ જવામાં આવેલ છે અને મોરબી બી ડિવિઝન પોલીસે હાલમાં અકસ્માતના આ બનાવમાં ફરિયાદ લેવા માટે તેમજ અકસ્માત સર્જીને નાશી ગયેલા વાહન ચાલકને શોધવ માટે તજવીજ હાથ ધરી છે.

અકસ્માતનો ભોગ બનનાર મૃતકો

શિવાજી પ્રતાપભાઈ ગામેતી (ઉંમર ૧૯), સુરેશ પ્રતાપભાઈ ગામેતી (ઉંમર ૧૮), તેજારામ વક્તરામ ગામેતી (ઉંમર ૧૭), અને શિવાજી પ્રતાપભાઈ ગામેતીનો સાળો જેની (ઉંમર ૧૯)

# અમેરિકન નાગરિકો સાથે છેતરપિંડી કરતા કોલસેન્ટરનો પર્દાફાશ



રાજકોટ,તા.૨૮

રાજકોટની પોલીસે અમેરિકન નાગરિકો સાથે છેતરપિંડી કરતા કોલસેન્ટર નો પર્દાફાશ કર્યો છે. આરોપીઓ લોન કંપનીના નામે લોન લેવા ઈચ્છતાં અમેરિકન નાગરિકોને એપ્લિકેશનની મદદથી ડોલરમાં છેતરપિંડી કરતા ચાર શખ્સોની પોલીસે ધરપકડ કરી છે. હાલ પોલીસે આરોપીઓની વધુ પૂછપરછ શરૂ કરી છે.

આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે રાજકોટના સરધાર પાસે આવેલા હરિપર ગામે અમદાવાદના ચાર શખ્સ કોલ સેન્ટર ચલાવતા હોવાની પોલીસને માહિતી મળી હતી. જેને આધારે આજે રાજકોટ એસઓજી પોલીસે આ કોલ સેન્ટર પર દરોડા પાડ્યા હતા. પોલીસ તપાસમાં આરોપીઓએ અમદાવાદના રહેવાસી હોવાનું અને છેલ્લા ૧૫ દિવસથી જ રાજકોટમાં કોલસેન્ટર ચાલુ કર્યું હોવાનું કબૂલાત આપી છે. હાલ પોલીસે આરોપીની ધરપકડ કરી પૂછપરછ શરૂ કરવામાં આવી છે. રાજકોટ પોલીસે ધરપકડ કરી દીધી છે, જેઓ અમેરિકન નાગરિકો સાથે હજારો ડોલરની છેતરપિંડી કરી ચુક્યા છે. જેમના નામ મનોજ સત્યરામ શર્મા, રતન શત્રુઘ્ન કરણ, વિકી સંજય સિંહ અને સાહિલ અરવિંદ ઓડ જેવા આરોપીઓ પર આરોપ છે.

# અમદાવાદમાં હાઈકોર્ટના નિવૃત્ત જજનો પુત્ર હોવાનું કહી રીક્ષાવાળા સાથે રૂ.૩૫૦૦૦ની છેતરપિંડી




અમદાવાદ,તા.૨૮

શહેરમાં વૃદ્ધ સાથે છેતરપિંડીના બનાવો બનતા હોય છે ત્યારે જમાલપુરના વૃદ્ધ રિક્ષાચાલકને અજાણ્યાં શખસે હાઈકોર્ટના નિવૃત્ત જજનો પુત્ર હોવાનું કહી રૂ.૩૫૦૦૦ પડાવી લીધા હતા. એલજી હોસ્પિટલમાં દવા લેવા પૈસા ખૂટે છે તેમ કહી પહેલા ૫૦૦૦ અને બાદમાં એટીએમમાંથી ટુકડે ટુકડે ૩૦,૦૦૦ કાઢી લઈ લીધા હતા. મણિનગર પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. જમાલપુરના ગોળલીમડા પાસે સાગર ટાવરમાં ફારૂક નજીરમોહમદ છીપા (ઉ.વ.૬૩) રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે.

૧૨ નવેમ્બર ૨૦૨૦ના રોજ ફારૂકચાચા ગુજરાત કોલેજ બ્રિજ નીચે બેઠા હતા. તે સમયે બાઈક લઈ યુવક આવ્યો હતો. આ યુવકે હું દૂધ લઈ પરત આવું પછી તમને ફોન કરું એટલે સોસાયટી પાસે આવી જજો. મારે મણિનગર થઈ ગોતા જવાનું છે. ફારૂકચાચાને બોલાવતા તેઓ ત્યાં ગયા હતાં. યુવકને બેસાડી રીક્ષા મણિનગર રેલ્વે સ્ટેશન તરફ લીધી હતી. રીક્ષા ઉભી રાખવી યુવકે હું દવા લઈને આવું છું, પૈસા ખૂટે તો આપજો હું તમને આપી દઈશ. કોમ્પ્લેક્સમાંથી યુવકે પરત આવી એલજી હોસ્પિટલ જવું પડશે તેમ કહ્યું હતું.

એલજી હોસ્પિટલ પહોંચતા યુવકે મારે દવામાં પૈસા ખૂટે છે તમારી જોડે કેટલા પડ્યા છે. ફારૂકભાઈએ રૂ.૫ હજાર પડ્યાનું જણાવ્યું હતું. યુવકે કહ્યું, ચાચા હું તેવો માણસ નથી, નિવૃત્ત હાઈકોર્ટ જજ બારોટ સાહેબનો પુત્ર છું. બાદમાં યુવકે ફોન લગાવી લો મારા પિતા જોડે વાત કરો તેમ જણાવ્યું હતું. ફારૂકભાઈએ ફોન પર વાત કરતા વ્યક્તિએ હું નિવૃત્ત હાઈકોર્ટ જજ બારોટ સાહેબ છું. મારા પુત્રને પૈસા ખૂટે તો આપજો તમે ઘરે તેણે મુકવા આવશો ત્યારે તમને પૈસા આપી દઈશ.

## રાંદેરના વેપારીએ ૭ સામે ફરિયાદ આપતા બેની ધરપકડ

# સુરત જેલમાંથી ગેંગરેપના આરોપીએ વેપારી પાસેથી ૩૦ લાખ માંગ્યા

સુરત,તા.૨૮

ન્યુ રાંદેર રોડ અલનુર રેસીડન્સીમાં રહેતા સૈફુલ્લા મોતીવાલા અને તેના ભાઈ સુહેલ મોતીવાલા અને એતેશામ નવીવાલાએ ભાગીદારીમાં મેટએશીયા પ્રા.લિ.કંપની શરૂ કરી, જેમાં બન્ને ભાઈ ૩૦ ટકા અને એતેશામ ૭૦ ટકા ભાગીદાર હતો.જાન્યુઆરી-૨૦માં શેરની કિંમત ૪૦ થતા બન્ને ભાઈઓ ૬૭.૫૦ લાખ લેખે ૧.૩૫ કરોડ કંપનીમાં નાખી ૬૫ ટકા ભાગીદાર બની ગયા અને એતેશામ નવીવાલા ૩૫ ટકા શેર હોલ્ડર હતો. ૨૦૨૦માં માર્ચમાં એતેશામે ધંધો બંધ કરી કયાંક ચાલી જતા લેણદારોના ફોન વેપારી પર આવતા હતા.

૨૧ માર્ચે વેપારીને તેનો પડોશી અસ્ફાક નવીવાલાએ કોલ કરી અડાજણ પાટિયા એમ.કે.એન્ડ કંપનીની ઓફિસે બોલાવ્યો હતો. વેપારી અને તેનો ભાઈ સુહેલ ઓફિસે ગયા ત્યાં એતેશામ નેવીવાલા, તેના પિતા અને પડોશી અસ્ફાક નવીવાલા, ઈલ્યાસ કાપડીયા સાથે ૩ થી ૪ જણા હતા. બન્ને ભાઈઓને ધમકી આપી કે કંપનીના પૈસા, કંપનીની મિલકત, બીએમડબલ્યુ કાર, અમને આપી દો અને મેટ એશિયા કંપનીના શેર મારા નામે ટ્રાન્સફર કરી દો નહિ તો જવા દેશું નહિ, મર્ડર કરી નાખીશું. ભાગીદારે માથાભારે અલ્તાફ પટેલ અને વિપુલ ગાજીપરા તેમજ જમીન દલાલ સાથે મળી બન્ને વેપારી બંધુઓને ધમકી આપ્યા બાદ વેપારીને લાજપોર જેલમાંથી ગેંગરેપના પાકા કામના આરોપી તારીક સૈયદે ધમકી આપી કે, તારી મેટર પટી ગઈ છે.



તારે પૈસા આપવા પડશે, એવું કહી વેપારી પાસેથી ૩૦ લાખની માંગતા વેપારીએ ક્રાઈમબ્રાંચમાં ફરિયાદ આપી હતી. જેના આધારે ભાગીદાર એતેસામ (રહે,અડાજણ), અસ્ફાક નવીવાલા ઈલ્યાસ કાપડીયા, જુનેદ સૈયદ, તારીક સૈયદ, અલ્તાફ પટેલ અને વિપુલ ગાજીપરા સામે ગુનો નોંધાતા ડીસીબીએ ઈલ્યાસ કાપડીયા તથા જુનેદ સૈયદની ધરપકડ કરી બે દિવસના રિમાન્ડ મેળવ્યા હતા.



એક જાપાનીઝ ટ્રેડિશનલ ડૉલ કંપની દ્વારા અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેન અને ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસની 'હિના' ડૉલ્સ તૈયાર કરાઈ છે. કંપનીએ આ ડૉલ્સ ટોક્યોમાં પ્રદર્શનાર્થે મૂકી છે.

# દિલ્હી-રાજકોટ સ્પાઈસ જેટની બોઈંગ સેવા શરૂ, એરક્રાફ્ટ બંધ



રાજકોટ,તા.૨૮

રાજકોટ એ સમગ્ર સૌરાષ્ટ્રના ઉદ્યોગોનું પાટનગર માનવામાં આવે છે,રાજકોટ થી એર કનેક્ટિવિટીમાં વધારો કે ઘટાડો થતાં સમગ્ર સૌરાષ્ટ્રના વેપાર ઉદ્યોગ પર તેની અસર જોવા મળતી હોય છે. કોરોનાના કારણે છેલ્લા ઘણા સમયથી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ પર રોક લગાવવામાં આવી હતી

ત્યારબાદ તબક્કા મુજબ તેમજ દિલ્હી -મુંબઈની ફ્લાઈટમાં પણ ઘટાડો કરવામાં આવ્યો હતો.તેની વચ્ચે હવે એરપોર્ટના સૂત્રો પાસેથીઆજ થી સમગ્ર સૌરાષ્ટ્રના હવાઈ મુસાફરો માટે સમાચાર પ્રાપ્ત થઈ રહ્યા છે. તે મુજબ દિલ્હી રાજકોટની સ્પાઈસજેટની એરક્રાફ્ટ બંધ કરી અને બોઈંગ સેવા ચાલુ થવા જઈ રહી છે.

રાજકોટથી હવાઈ મુસાફરી કરતા મુસાફરોને આજે એક સાથે ઘણા બધા પરિવર્તનો જોવા મળશે.

આજ થી રાજકોટ થી દિલ્હી-મુંબઈની ફ્લાઈટના સમય બદલાવા જઈ રહ્યા છે. તેમજ સ્પાઈસજેટની દિલ્હી રાજકોટની એરક્રાફ્ટ બંધ થવા જઈ રહી છે. પરંતુ તેના સ્થાને ૭૭ બોઈંગ સર્વિસ શરૂ થઈ રહી છે. જેની કેપેસિટી ૧૪૪ સીટની રહેશે. નવા સમય પ્રમાણે દિલ્હી રાજકોટ ફ્લાઈટ ૭:૧૦ કલાકે આવશે અને ૭:૪૦ કલાકે ઉપડશે. જ્યારે મુંબઈની ફ્લાઈટ રાજકોટમાં આઠ ૮:૧૦ કલાકે લેન્ડ કરશે અને મુંબઈ જવા માટે ૮.૪૦ કલાકે ટેકઓફ કરશે.

રાજકોટ થી દિલ્હી બાય સર્વિસ શરૂ થવાના કારણે મુસાફરોની કેપેસિટીમાં વધારો થશે. જેના કારણે મુસાફરોની સુવિધામાં વધારો થશે અને તેની અસર માત્ર રાજકોટ જ નહીં સમગ્ર સૌરાષ્ટ્રના મુસાફરો પર પડશે. રાજકોટ દિલ્હી-મુંબઈ ફ્લાઈટ હવે ઉદયપુર અને બેંગ્લોરની એર કનેકિટવિટી વધે તેવી માગણી રાજકોટના ઉદ્યોગકારોમાં ઉઠી રહી છે અને આ અંગે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રજૂઆત પણ કરવામાં આવી છે.

આ સિવાય પણ કેટલાક સ્ટેશન માટે હવે ઈન્ડિગો ફ્લાઈટ શરૂ કરવામાં આવી શકે છે.

# જામનગરમાં મોટા બહેનને ગળાટૂંપો આપી હત્યા કર્યા બાદ ભાઈએ આપઘાત કર્યો



જામનગર,તા.૨૮

જામનગર શહેરના રામેશ્વરનગરમાં રહેતા અપરિણીત વૃદ્ધ મહિલા અને તેના વૃદ્ધ ભાઈની ૧૭ કલાકના અંતરમાં લાશો મળી આવતા ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે. પોલીસને પ્રથમ તો આ બનાવ આપઘાતનો લાગ્યો હતો, પરંતુ ભાઈ પાસેથી મળીને સ્યુસાઈટ નોટ અને પોસ્ટમોર્ટમ થતાં ઘટસ્ફોટ થયો હતો કે, વૃદ્ધ ભાઈએ પ્રથમ તેની બહેનને ગળાટૂંપો આપી મારી નાખી હતી બાદમાં પોતે ઝેરી દવા પી બન્ને હાથોની નસો કાપી આપઘાત કરી લીધો હતો. આ બનાવથી શહેરભરમાં ભારે ચકચાર મચી જવા પામી છે.

જામનગર શહેરના રામેશ્વરનગરમાં રહેતા હર્ષિદાબેન છગનલાલ જેઠવા (ઉ.વ.૬૭) નામના વૃદ્ધા જે સિક્યોરિટીમાં પણ નોકરી કરતા હતા તેની લાશ મંગળવારે રાત્રે સવા આઠ વાગ્યે તેના ઘરેથી મળી આવી હતી. પોલીસે તેની લાશનો કબજો સંભાળી અકસ્માતે મૃત્યુ નોંધ કરી કે મરણજનારને જન્મથી જ આંચકીની બીમારી હોય જેના કારણે તેનું મોત થયાની શક્યતાથી તપાસ શરૂ કરી હતી. હજુ તપાસ શરૂ થઈ નથી ત્યાં સવારે હર્ષિદાબેનના ભાઈ અનિલ છગનભાઈ જેઠવા (ઉ.વ.૫૮) કે જે મહાનગરપાલિકામાં નોકરી કરે છે તેની લાશ જૂની આરટીઓ પાસેના તળાવ નજીકથી મળી આવતા ભારે ચકચાર મચી જવા પામી હતી. ૧૭ કલાકના અંતરે વૃદ્ધ ભાઈ-બહેનની લાશો મળતા શહેરભરમાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો હતો.

દરમિયાન પોલીસે બન્નેનું પોસ્ટમોર્ટમ કરાવતા ચોંકાવનારી વિગતો સામે આવી હતી જેમાં અનિલભાઈએ તેની વૃદ્ધ બહેનનું ગળું દાબીને હત્યા કરી હોવાનું ખૂલ્યું હતું ત્યારબાદ અનિલને લાગી આવતા તેણે ઝેરી દવા પી લીધી હતી, પરંતુ તેનાથી તે મરશે નહીં તેવું લાગતા તેણે બન્ને હાથોની નસો કાપીને આપઘાત કરી લીધો હતો.આખો ઘટનાક્રમ બહાર આવતા પોલીસ પણ ચોંકી ઉઠી છે. વૃદ્ધ ભાઈ-બહેનનું આવા સંજોગોમાં મૃત્યુનું કારણ પ્રાથમિક રીતે તો માનસિક બીમારી માનવામાં આવી રહ્યું છે. પોલીસે મૃતક અનિલની લખેલી મનાતી સ્યુસાઈટ નોટ કબજે કરી તપાસ આગળ ધપાવી છે.

# અમદાવાદમાં વ્યાજના ૨૦ લાખની બદલીમાં અઢી કરોડની ઉઘરાણી, મારી નાખવાની ધમકી



અમદાવાદ,તા.૨૮

નાનપણના મિત્રને વેપાર માટે રૂપિયાની જરૂર હતી. અનેક પ્રયત્ન છતાં તેને ક્યાંય રૂપિયાની વ્યવસ્થા થઈ નહિ એટલે તેણે પહેલા ઉંચા વ્યાજે રૂપિયા લીધા પણ તે પણ પુરા ન થતા મિત્ર પાસે મદદ માંગી હતી. મિત્રે પણ મદદ કરવા માટે વ્યાજખોરોને ગેરેન્ટર તરીકે ચેક આપ્યો હતો. પરંતુ ૨૦ લાખની ઉઘરાણીમાં તેઓ અઢી કરોડની ઉઘરાણી કરી રહ્યા હતા. અને વ્યાજખોર ગેરન્ટરના ત્યાં જઈને તોડફોડ કરી ધમકીઓ આપી છે. આ અંગે સોલા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. થલતેજના ગુલાબ ટાવર પાસે નંદેશ્વર ટેનામેન્ટમાં રહેતા પલક હર્ષદ પટેલ (ઉ.વ.૩૧) સાઈટ સુપરવાઈઝર તરીકે ફરજ બજાવે છે.

પલક સાથે તેનો સાળો દીપલ અશ્વિન પટેલ રહે છે. પલક અને દીપલનો મિત્ર મંથન મયંક શાહ (રહે, ક્રિષ્ણા હાઈટસ ગણેશ જેનેસીસ સામે, જગતપુર) છે. મંથનએ ધંધામાં વધુ પૈસાની જરૂર પડતા પલકને જણાવ્યું હતું કે, મુકેશ દેસાઈ પાસે મેં પૈસા લીધા હોવાથી તે મને પૈસા નહી આપે પણ જો તમે મને ચેક આપશો તો તે મને બીજા રૂ.૧૭ લાખ આપશે. પલક અને દીપલએ મિત્ર મંથનને મદદ કરવાના હેતુથી સહી કરી પોતાના ચેક તારીખ વગરના આપ્યા હતા. જે ચેક પર મુકેશ દેસાઈએ મંથનને પૈસા આપ્યા હતા. ઓક્ટોબર ૨૦૧૯ સુધી મંથનએ મુકેશને વ્યાજ ચૂકવ્યું બાદમાં ધંધામાં નુકશાન જતા તે ક્યાંક ચાલ્યો ગયો હતો.

આથી મુકેશ અમીન દેસાઈએ પલક અને દીપલ પાસે ૧૭ લાખની સામે અઢી કરોડની ઉઘરાણી શરૂ કરી હતી. ૨૬મી જાન્યુઆરીએ મુકેશ તેના બે મિત્રોને લઈ પલકના ઘરે પહોંચ્યો હતો. આરોપીઓએ પલકની પત્ની અને માતાને અપશબ્દો બોલી ધમકી આપી હતી કે, પલક અને દીપલને કહી દેજો રૂપિયા ચૂકવી દે નહીં તો કાપી નાંખીશુ. બીજા દિવસે ફરી મુકેશએ ફોન કરી પલકને અપશબ્દો બોલી પૈસાની ઉઘરાણી કરતા સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે આરોપી મુકેશ અમીન દેસાઈ (રહે, શ્રીનાથ નિરંજનનગર સોસાયટી, પાવાપુરી,ઘાટલોડિયા) વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો.

# અમદાવાદમાં મણિનગરના લક્ષ્મી ભવન બંગલામાં જુગાર રમતી આઠ મહિલા ઝડપાઈ

અમદાવાદ,તા.૨૮

કહેવાય છેને કે 'શોખ બડી ચીઝ હૈ' કેટલાક શોખીન લોકો શોખ પૂરો કરવા માટે કંઈપણ કરતા હોય છે. આવો એક કિસ્સો શહેરના મણિનગર વિસ્તારમાં જોવા મળ્યો છે. જ્યાં આધેડ મહિલાઓને જુગાર રમવાનો ચસ્કો જાગ્યો. જોકે, તેઓની મજામાં પોલીસે આવીને ભંગ પાડ્યો હતો. મણિનગર વિસ્તારમાં આવેલ ગોપાલ ટાવરની પાછળના લક્ષ્મી ભવન બંગલામાં પોલીસે દરોડો પાડી જુગાર રમતી આઠ મહિલાની રોકડ-મોબાઈલ મળી રૂ.૭૨,૩૦૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી છે. મણિનગર પોલીસને બાતમી મળી હતી કે, ગણેશ ગલી ગોપાલ ટાવરની પાછળ આવેલા લક્ષ્મી ભવન બંગલામાં કેટલીક મહિલાઓ જુગાર રમી રહી છે. બાતમીના આધારે પોલીસે ઘટનાસ્થળ પર પહોંચી જઈ તપાસ કરી તો બંગલાના પહેલા માળે દરવાજો બંધ હતો. દરવાજો ખખડાવતાં એક મહિલાએ ખોલ્યો હતો. પોલીસે ઓળખ આપી દરોડો પાડતાં બેડરૂમમાં ૫૦થી ૭૦ વર્ષની મહિલાઓ પૈસા-પાનાંથી હાર-જીતનો જુગાર રમતી હતી.

**ઝડપાયેલ મહિલાઓની યાદી**

- મીનાબહેન લક્ષ્મીચંદ વાધવા (ઉં.વ.૭૦),
- કિરણબહેન સંજયભાઈ વાધવા (ઉં.વ.૫૦) બંને (રહે. લક્ષ્મી ભવન, મણિનગર),
- મીનાબહેન લીલારામ મેઘાણી (ઉં.વ.૫૨, રહે. અંબાજી મંદિર અંદર, ઠક્કરનગર),
- તુલસીબહેન ગોપાલદાસ તણવાણી (ઉં.વ.૫૪, રહે. ગણપતિ ગલી, દક્ષિણી, મણિનગર),
- તારાબહેન ભગવાનદાસ ભાગનાણી (ઉં.વ.૫૦, રહે. હિન્દુસ્તાન, ચાર માળિયા, વટવા),
- માયાબહેન જેઠાનંદ ચાવલા (ઉં વ.૫૮, રહે. જી-વોર્ડ, કુબેરનગર),
- વિદ્યાબહેન ભેરૂમલા નેનવાણી (ઉં.વ.૭૦, રહે. અંજલી કોર્નર ફ્લેટ, રમણનગર, મણિનગર)
- કૌશલ્યાબહેન રાજેશભાઈ જંજાણી (ઉં.વ.૬૦, રહે. બગીચા ગલી, ઠક્કરનગર) ની રૂ.૨૫ હજારની રોકડ અને રૂ.૪૭,૩૦૦ના છ મોબાઈલ મળી કુલ રૂ.૭૨,૩૦૦ના મુદ્દામાલ સાથે પોલીસે ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં ૧૩ પ્રાઈવેટ કોવિડ હોસ્પિટલ અને કેર સેન્ટર કરાશે બંધ

રાજકોટ,તા.૨૮

સમગ્ર દેશમાં કોરોના સંક્રમણ દર્દીઓનો આંકડો ઘટી રહ્યો છે. રિકવરી રેટમાં વધારો થઈ રહ્યો છે. નવા કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા કરતાં સાજા થનાર દર્દીઓની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. સાથોસાથ બહોળા પાયા પર કોરોના રસીકરણ ચાલી રહ્યું હોય દેશ સહિત રાજ્ય અને મહાનગરોમાં પણ કેસ ઘટવા લાગ્યા છે.રાજકોટ શહેરમાં કોરોનાના કેસ દિવસેને દિવસે ઘટવા લાગ્યા હોય તાજેતરમાં વિવિધ ૧૩ જેટલી પ્રાઈવેટ કોવિડ હોસ્પિટલો અને કોવિડ કેર સેન્ટર બંધ કરવા માટે સંબંધિત હોસ્પિટલના મેનેજમેન્ટ દ્વારા મહાપાલિકા સમક્ષ અરજી રજૂ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. આ અંગે મહાપાલિકાની આરોગ્ય શાખાના સૂત્રોમાંથી જાણવા મળતી વિગતો મુજબ રાજકોટ મહાપાલિકાના હદ વિસ્તારમાં કાર્યરત ૭ ખાનગી હોસ્પિટલોએ તેમની કોવિડ હોસ્પિટલ બંધ કરવા માટે મહાપાલિકામાં અરજી હોવાનું તેમજ તે માટેની ફાઈલ નાયબ આરોગ્ય અધિકારી ડો.મનિષ ચુનારાના ટેબલ પર રજૂ કરવામાં આવી હતી. તેમજ આ અરજીનો તેમણે સ્વીકાર કર્યો હોવાનું જાણવા મળ્યું છે. આ અંગે વધુમાં મહાપાલિકાના નાયબ આરોગ્ય અધિકારી ડો.મનિષ ચુનારાનો સંપર્ક સાધતા તેમણે જણાવ્યું હતું કે, શ્રેયસ, ઓરેન્જ, એચ.જે. દોશી, શાંતિ, જીનેસીસ, આયુષ અને ક્રિષ્ન કોવિડ કેર સેન્ટર સહિતની કુલ ૧૩ જેટલી પ્રાઈવેટ કોવિડ હોસ્પિટલો અને કોવિડ કેર સેન્ટરો તરફથી બંધ કરવા માટેની અરજી મળી હતી જે મંજૂર કરવામાં આવી છે.

રાજકોટ મહાપાલિકાએ જાહેર કરેલા સત્તાવાર કોવિડના આંકડા અનુસાર ગઈકાલે બપોર સુધીમાં શહેરમાં કોરોનાના ૧૪ પોઝિટિવ કેસ નોંધાયા છે અને આ સાથે શહેરમાં કોરોનાના કેસની કુલ સંખ્યા ૧૫૦૮૦ પર પહોંચી છે. આજ સુધીમાં કુલ ૧૪૬૧૦ દર્દીઓ સાજા થઈને ડિસ્ચાર્જ થયા છે અને રિકવરી રેઈટ ૯૬.૯૭ ટકા રહ્યો છે. કુલ ૫,૬૫,૮૧૩ નાગરિકોના કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા છે જેમાં પોઝિટિવિટી રેઈટ ૨.૬૬ ટકા રહ્યો છે.

# મા વાત્સલ્ય કાર્ડથી સારવારમાં બેદરકારી: દર્દીઓને હોસ્પિટલથી હેલ્થ સેન્ટર જવું પડે છે

સુરત,તા.૨૮

બાયોમેટ્રીક ઓળખ માટે આઈસીયુના દર્દી પણ લાઇનમાં ઉભા રહેવા મજબૂર બન્યા છે. કરણ કે ફિંગર પ્રિન્ટ મશીન જે તે હોસ્પિટલમાં લઈ જઈ કામગીરી કરવામાં આવતી નથી. ગંભીર દર્દીઓ માટે પહેલા હોસ્પિટલમાં જઈ ફિંગરપ્રિન્ટ લેવાતા પરંતુ સેન્ટર ઓછા થતા હવે દર્દીઓને હાલાકી થઈ રહી છે. ગંભીર બીમારીમાં ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓ માટે મા વાત્સલ્ય યોજનાનું કાર્ડ ઈમરજન્સીમાં બનાવવા સરકારે ડિજિટલ ઈન્ડિયાના ભાગરૂપે ઓનલાઈન વ્યવસ્થા કરી છે, છતાં આ સેવાનો લાભ લેવા ઈમરજન્સી વોર્ડમાં દાખલ દર્દીઓને પણ ફિંગર પ્રિન્ટ આપવા માટે હોસ્પિટલમાં દાખલ હોવાં છતાં અન્ય સેન્ટર ઉપર બોલાવવામાં આવી રહ્યાં છે. એટલું જ નહીં પણ ઓક્સિજન અને વેન્ટિલેટર ઉપર રખાયેલાં દર્દીઓને નંબર પ્રમાણે જ લેવાના હઠાગ્રહ સાથે લાઈનોમાં ઊભા કરી દેવાય છે. ફિંગર પ્રિન્ટ માટેની હથેળી જેવડી મશીન ઈમરજન્સીમાં દર્દીઓ પાસે જઈ શકે તેમ છે છતાં જીવના જોખમે આઈસીયુમાંથી દર્દીને અન્ય સેન્ટરના મશીન સુધી જવાની નોબત પડી રહી છે. દિલ્લીગેટની ખાનગી હોસ્પિટલમાં મણકાના ઓપરેશન માટે દાખલ ધીરજ પાટીલે મા વાત્સલ્ય કાર્ડ બનાવવા અરજી કરી હતી. ધીરજ ભાઈને મણકામાં એવી પીડા હતી કે તે ચાલી કે ઊભા પણ રહી શકતાં ન હતાં. આ સ્થિતિમાં તેમને વૃદ્ધ પિતા પાલિકાની એમ્બ્યુલન્સમાં કતારગામ હેલ્થ સેન્ટર લઈ આવ્યાં હતાં. જ્યાં અરજ છતાં તેમને સ્ટ્રેચર પણ અપાઈ ન હતી. દર્દીને તેમનાં વૃદ્ધ પિતા અને ફાયર કર્મીએ આશરે કલાક સુધી લાઈનમાં લઈ ઊભાં રહ્યાં હતાં. પુણાગામ ખાતે રહેતા મમતા બેનનું હૃદય બંધ પડી જતાં તબીબોએ હાર્ટમાં પ્રેસ મેકર મુકવાનો ૪થી ૫ લાખના ખર્ચનો એસ્ટિમેટ આપ્યો હતો. તેમની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી વાત્સલ્ય કાર્ડ ઉપર ઓપરેશન કરાવવાની અરજ કરી હતી.

આ દર્દી આઈસીયુ વોર્ડમાં ઓક્સિજન ઉપર હોવાં છતાં મા વાત્સલ્ય કાર્ડ બનાવવા માટે ૧૦૮માં કતારગામ હેલ્થ સેન્ટરના અરજીમાં આંગળીના નિશાન માટે કતારગામ હેલ્થ સેન્ટર ઉપર જવાની નોબત પડી હતી. અગાઉ આ પ્રક્રિયા માટે દર્દીની સ્થિતિ જોઈને હોસ્પિટલમાં જ અથવા તો એમ્બ્યુલન્સ સુધી જઈ ફિંગર પ્રિન્ટ લેવાતાં હતાં. દર્દીને પ્રાયોરિટી આપવાની સુચના છતાં દર્દીને લાઈનમાં ઊભાં રહેવું પડ્યુ હતું. ડીએચઓની મંજુરી હોય તો ફિંગર પ્રિન્ટની કીટને દર્દી સુધી લઈ જઈ શકાય છે. ક્રિટિકલ કેસમાં વાત્સલ્ય કાર્ડની પ્રક્રિયા માટે દર્દી જે હોસ્પિટલમાં દાખલ હોય તે હોસ્પિટલના મેનેજમેન્ટ અને તબીબની લેખીત મંજુરી મેળવવી પડે છે. તે પછી ગેઝેટ ઓફિસર કે સ્થાનિક ધારાસભ્યની ભલામણ સાથેનો પત્ર લઈને હૃઉઁ પાસે ઓપરેટરને કીટ સાથે હોસ્પિટલમાં દાખલ દર્દી સુધી જઈ ફિંગર પ્રિન્ટ લેવાની મંજુરી મળે છે.

Printer/Publisher/Owner & Editor :NIKITA R. SAXENA •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28, GANDHINAGAR, GUJARAT- 382028
•Published At - 45, KONARK SOCIETY, NEAR SUNDARAM COMPLEX, JAWAHAR CHOWK, SABARMATI, AHMEDABAD-380019.